**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૬૭ ટકા

# શહેરની બે મહિલાઓની રોમાંચક યાત્રા

## આઠ પર્વતારોહકોની ટીમમાં પિન્કી ઝા અને કાવ્યા તિવારીએ હિમાલયની ૧૬,૨૦૦ ફુટની ઊંચાઈ સર કરી પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું

ગાંધીનગર, તા.૩૦
ગાંધીનગરની મહિલાઓ સામાજિક, શૈક્ષણિક, રમતગમત તથા સાહસિક પ્રવૃત્તિઓ સહિતના વિવિધ ક્ષેત્રે તેમની મહેનત, કૌશલ્ય અને દ્રઢ મનોબળના સહારે અનેક સિધ્ધિઓ હાંસલ કરી રહી છે. તાજેતરમાં શહેરની જી-૩ સાયકલ કલબ સાથે સંકળાયેલી બે મહિલાઓએ હિમાચલ પ્રદેશની પીન-ભાભા વેલીમાં ૧૬,૨૦૦ ફુટની ઊંચાઈ સુધી પર્વતારોહણ કરીને શૌર્ય અને બહાદુરીનું પ્રેરણાત્મક ઉદાહરણ પરું પાડયું છે. આ સાહસિક પર્વતારોહણ દરમિયાન બંને મહિલાઓએ ૧૩ ડિગ્રીથી માઈનસ ૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાનથી માંડીને ૭ થી ૮ નાની મોટી નદીઓના ધસમસતા પ્રવાહને ચીરીને પસાર કરવાના દિલધડક અનુભવોનો સામનો કર્યો હતો.

હિમાચલ પ્રદેશની હિમાલયની ગિરિમાળાઓમાં આવેલા નાનકડા કફનુ ગામથી પ્રારંભ થયેલ આ સાહસિક યાત્રામાં કુલ ૮ પર્વતારોહકો જેમાં ૨ પુરુષ અને ૬ મહિલા સાહસિકો સામેલ હતા. જેમાં ગાંધીનગરની ૨ મહિલાઓ પિન્કી ઝા અને કાવ્યા તિવારીનો સમાવેશ થાય છે. આ ટીમમાં તેમના ઉપરાંત અદિતિ, નેહા, મિરલ, વર્ષા, સપના અને આદિત્ય ઉપરાંત ત્રણ ગાઈડ પણ મદદ માટે જોડાયા હતા. તા.૧૫મી જુલાઈએ કફનુથી પ્રારંભ થયેલ આ યાત્રા ૭ દિવસ ચાલી હતી. જેમાં તેમણે પીન પર્વત અને ભાભા પર્વતની સંયુકત પીન-ભાભા ખીણને સર કરી હતી. પર્વતારોહણ દરમિયાન તેમણે પર્વતની એક તરફ બરફની ચાદર અને અત્યંત ઠંડી તો બીજી તરફ સૂર્યના તડકા સાથેના સૂકા દિવસ પણ અનુભવ્યા હતા વળી, સ્હેજ પગ ચૂકે તો ૨ હજાર ફુટ ઊંડી ખીણ ગળી જવા તત્પર હોય તેવા સાંકડા અને અત્યંત દુર્ગમ પથરાળ રસ્તાઓ પર ટ્રેકિંગ કર્યું હતું.

પર્વતારોહણના માર્ગમાં તેમણે ૭ થી ૮ ધમસમતો પ્રવાહ ધરાવતી નદીઓને એકબીજાના હાથના કાંડા મજબૂતાઈથી પકડી માનવ સાંકળ બનાવી પસાર કરી હતી તો ઉતરતી વખતે પગ લપસી જાય તેવા પથરાળ જોખમી રસ્તા પર સળંગ ૭ કિમી જેટલું ટ્રેકિંગ કરવું પડયું હતું. એક તબક્કે તો તેમને કેમ્પ સાઈટ સુધી પહોંચવા સળંગ ૧૫ કલાક સુધી ટ્રેકિંગ કરવાની નોબત આવી હતી. પર્વત પરથી ઉડાવીને ખીણમાં ફેંકી દે તેવા સુસવાટા બંધ પવન સામે ચઢાણ કરવું તથા સળંગ ૬ કલાક સુધી પાણીનું ટીપું પણ પીવા ના મળે અથવા કંઈ જ ના દેખાય તેવા અંધકાર ભર્યા ઠંડા વાતાવરણમાં રાત ગુજારવા જેવી અનેક મુશ્કેલભરી પરિસ્થિતિઓમાંથી પાર પડીને તેમણે આ પર્વતારોહણ સફળતાપૂર્વક તા. ૨૨મી જુલાઈએ પૂર્ણ કર્યું હતું. તેમના આ ગજબના સાહસે શહેરની મહિલાઓ માટે પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે.

> 'હિમાલય દેખાવે જેટલો સોહામણો છે તેટલો જ પડકારરૂપ પણ છે, પર્વતારોહણ દરમિયાન હિમાલયે આપણે કેટલા વામણા છીએ તેનો અહેસાસ કરાવ્યો હતો પરંતુ આ સાહસને પગલે અમારો પ્રકૃતિ પ્રત્યેનો લગાવ બમણો થઈ જવા પામ્યો છે. દરેકે જીવનમાં એકવાર તો પ્રકૃતિનો ખોળો ખૂંદવાનો અનુભવ લેવો જ જોઈએ.'
>
> - પિન્કી ઝા
>
> મહિલા પર્વતારોહક, ગાંધીનગર



### @ગાંધીનગર

● સે - ૨૩ સ્વામિનારાયણ મંદિરમાં જયોત શલાકાના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે - ૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે મચકી ઝુલાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ ગીરીશ ભાઈ શુક્લ, ઈ - ૧૦૨, બાલ મુકુંદ હાઈટસ, સ્વામિનારાયણ ધામ સામે, ધોળેશ્વર મહાદેવ ખાતે યોજાશે.

● બ્રાહ્મણ સમાજ સે- ૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના અતુલભાઈ ત્રિવેદી, બ્લોક નં. ૨-૪, છ ટાઈપ ખાતે યોજાશે.

● શ્રી રામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે વિવિધ મીઠાઈ તથા ફરસાણના હિંડોળાના દર્શન યોજાશે.

● બ્રહ્મ સમાજ સે- ૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ અનિલભાઈ બી. વ્યાસ, પ્લોટ નં ૬૫૫ -૨, કિસાનનગર ખાતે યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન આશુતોષની આરાધના અર્ચના અર્થે લઘુરૂદ્રાભિષેક સવારે ૮.૩૦ કલાકે રવિન્દ્રભાઈ દવે, દત્ત મંદિર ખાતે યોજાશે.

● જલારામ મહિલા મંડળની જનરલ મીટીંગ ૨.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન જલારામ મંદિર ખાતે યોજાશે.

● માં મેલડી ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો ગીતાબેન કે. ગોલ, સે - ૩ સી, શકિત ચોક મંદિર, રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન યોજાશે.

● વંદેમાતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો સે - ૨૮ દત્ત મંદિર ખાતે, સાંજે ૪.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન યોજાશે.



સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા નગરજનોને ઉત્તર ગુજરાતના પીડિતોને અનાજ, કરિયાણાની કીટ તેમજ કપડા પૂરા પાડવા માટે ટહેલ નાંખવામાં આવતા તે માટે રોકડ સહાય કરવામાં આવી હતી. ૧૦૦ જેટલી અનાજ કરિયાણાની કીટ માટે રૂ. ૩૫૦૦૦નો આર્થિક યોગદાન માટેનો ચેક સંસ્થાના પ્રમુખ હસમુખભાઈ શાહ દ્વારા ગાયત્રી પરિવારના ચેરમેન કનકસિંહ ગોહિલને અર્પણ કરવામાં આવ્યો છે.

# શહેરના બજારોમાં ફેન્સી રાખડીઓનું આગમન

## બાળકોમાં લાઈટીંગ-મ્યુઝીકલની સાથે બાહુબલી અને મોટું-પતલુની રાખડીઓ હોટ ફેવરીટ

ગાંધીનગર, તા.૩૦
ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધન... રક્ષાબંધન પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરના બજારોમાં વિવિધ અવનવી ફેન્સી રાખડીઓનું આગમન થઈ ચુક્યુ છે. રાખડીના સ્ટોલ પર મહિલાઓની વિશેષ ભીડ દેખાઈ રહી છે. રજવાડી, કલકત્તી, બનારસી, કોટન દોરા સહિતની વિવિધ રાખડીઓ બજારમાં ધુમ મચાવી રહી છે. જયારે બાળકો માટે મ્યુઝીકલ -લાઈટીંગ, બાહુબલી, મોટું-પતલુ, ડોરેમોન, સ્પાઈડરમેન સહિતની રાખડીઓ બજારમાં આવી ગઈ છે. શહેરના વિવિધ સ્ટોલ પર રૂ.૫ થી ૫૦૦ સુધીની રાખડીઓ ઉપલબ્ધ છે પરંતુ રૂ.૩૦ થી ૫૦ ની રેન્જ સુધીની રાખડીઓનું વેચાણ વધુ થાય છે. છેલ્લા અઠવાડીયાથી વરસી રહેલા વરસાદને પગલે રાખડીઓના સ્ટોલ વેપારીઓએ લગાવી શકયા નહોતા. પરંતુ વરસાદે વિરામ લેતા જ સેકટર-૨૧, ૨૨,૨૪, ૬, ૭ સહિતના બજારમાં અવનવી ફેન્સી રાખડીઓ આવી પહોંચી છે. ત્યારે બજારમાં નાના ગલગોટા ઓલ ટાઈમ ફેવરીટ છે તેની ડિમાન્ડ પણ સારી એવી હોય છે. રાખડીમાં રૂદ્રાક્ષ, મોતી, નંગ, નામ લખેલી અવનવી ડિઝાઈનમાં જોવા મળી રહી છે. તે ઉપરાંત સોના-ચાંદીમાં પણ મોંઘીદાટ રાખડીઓ ઉપલબ્ધ છે. જયારે રક્ષા પોટલી અને ભાભી માટે લુમ્બા રાખડી આવી છે જે ભાઈની રાખડીની ખરીદી કરતી વખતે બહેનો ભાભી માટે ખાસ આ રાખડી ખરીદે છે. રક્ષાબંધન પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બજારમાં અવનવી ફેન્સી રાખડીઓ આવી પહોંચી છે જેની ખરીદી માટે મહિલાઓ પડાપડી કરી રહી છે.

### ચાઈનીઝ રાખડીની ખરીદી ના થાય તેની તકેદારી રાખતી મહિલાઓ

ભારતમાં આંતકવાદી હુમલાઓ તથા ચીન સાથે સરહદે સર્જાયેલી તણાવની પરિસ્થિતિને પગલે સોશ્યલ મિડીયામાં ચાઈનીઝ ચીજવસ્તુઓના બહિષ્કાર અંગે અનેક સંદેશા તેમજ વિડીયો વાઈરલ થયા છે. દેશના વીર જવાનોને શહીદ થતા બચાવવા અપીલ કરતા વિડીયોને પગલે હવે શહેરની મહિલાઓ પણ રાખડી ખરીદી કરતી વખતે દુકાનદાર પાસે ''ભાઈ આ રાખડી ચાઈનીઝ તો નથી ને..?'' તેવા સવાલો કરી રહી છે. અને રાખડી ચાઈનીઝ ન હોવાની ખાત્રી થયા બાદ જ ખરીદી કરતી હોવાનુ જોવા મળી રહ્યું છે.



### અડાલજ પાસે અકસ્માતમાં એકટીવાચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦
અમદાવાદના ચાંદલોડીયા ખાતે રહેતા હર્ષદભાઈ રામદાસ પ્રજાપતિ ગઈ સાંજે પોતાનું એકટીવા નં. જીજે ૦૧ પી.બી. ૨૨૧૭ લઈને અડાલજથી એસ.જી. હાઈવે તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન બીએસએનએલ ઓફીસની સામે તેમનું એકટીવા અકસ્માતે સ્લીપ ખાઈ ગયું હતું. આ અકસ્માતમાં હર્ષદભાઈનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. મૃતકના દિકરા કેતનભાઈની ફરિયાદને આધારે અડાલજ પોલિસે ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

### આઈ લવ માય ગાંધીનગર



**મીતેષ મોદી**
**અભ્યાસ સંયોજક, પત્રકારત્વ વિભાગ, કડી સર્વ વિશ્વવિદ્યાલય**

**ગાંધીનગર ગમે**
સુંદરતા, શિક્ષા અને સંસ્કૃતિનું ધામ હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
સ્નેહાળ, શિક્ષિત અને સુસંસ્કૃત નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ, સર્વ નેતૃત્વ ગૃપ, કિપ સ્માઈલિંગ ગૃપ, ગ્રો ફાઉન્ડેશન ઉપરાંત જી ઈ કલબ દ્વારા કરવામાં આવતી કલા, સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
યુવા વર્ગને નગરની બહેતરી માટે કામે લગાવવામાં આવે તો નગર અવશ્ય અને ઝડપથી બહેતર બની શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**
શિક્ષણ અને રોજગારના ઉપક્રમો માટે મારી સહાય નગરને આપવા હું તૈયાર છું.

# અમે બંને સાથે હોઈએ એજ અમારો તહેવાર

## ગાંધીનગરમાં જેમના નામ એકબીજા સાથે જોડાઈને ઓળખ બની ગયા છે તેવા ગાઢ મિત્રો 'જય-રફિક'ની મિત્રતા 'ફ્રેન્ડશીપ-ડે' ઉજવતી આજની પેઢી માટે ઉદાહરણરૂપ છે




ગાંધીનગર, તા.૩૦
'ફ્રેન્ડશીપ ડે' જયારે કોઈ જાણતું નહોતુ ત્યારના નેવુના દાયકાની વાત છે, ગાંધીનગરના ઘ-માર્ગ પર એક યુવાન બાઈક ઉપર સવાર હતો અને બીજો યુવાન તેને ધક્કા મારી રહ્યો હતો. બંને ઈલેકટ્રિકના થાંભલા જોતા જતા હતા. બે થાંભલા પસાર થાય એટલે બાઈક સવાર યુવાન ઉતરીને ધક્કા મારતો અને ધક્કો મારતો યુવાન બાઈકનું સ્ટીઅરીંગ સંભાળતો. આ સાથે બંને 'દોસ્તી'ના મુખ્ય વિષય સાથે પ્રખ્યાત થયેલી ફિલ્મ સૌદાગરનું ગીત પણ ગાતા હતા. 'ધીનક ધીનક ધીનતાના' ગીતના શબ્દોમાં જયારે 'ઈસ જંગલ મેં હમ દો શેર' પંકિત આવે એટલે બંનેનો જુસ્સો વધી જતો. આ રીતે બંને બાઈકને પેટ્રોલ પંપ સુધી લઈ જઈ પેટ્રોલ પુરાવી સાથે હસતા હસતા બાઈક ભગાવીને ચાલ્યા ગયા. આ બંને મિત્રો એટલે જય પંડયા અને મહમંદ રફિક શેખ. જયારે પણ પેટ્રોલ ખાલી થાય ત્યારે બે થાંભલા સુધીનું અંતર વારાફરતી ધક્કો મારવો તે તેમની દોસ્તીનો નિયમ હતો.

ગાંધીનગરના સેકટર-૧૨ની સરકારી હાઈસ્કૂલમાં ધોરણ-૧૧માં ભણતા બંને સહઅધ્યાયીઓની દોસ્તીની શરૂઆત એક નાનકડા પ્રસંગથી થઈ હતી. સે-૨૮માં રહેતા જયના પડોશીના મોપેડની ચેઈન તુટી ગઈ હતી તેથી તેમણે જયને લાવી આપવા કામ સોંપ્યું હતું.આ ચેઈન તે વખતે અમદાવાદના મિરજાપુર ખાતેથી જ લાવવી પડે તેમ હતી. જયને ખબર પડી કે તેના વર્ગમાં ભણતા રફિકના સગા મિરજાપુર રહે છે અને તે અવારનવાર ત્યાં જાય છે એટલે તેણે રફિકને ચેઈન લાવી આપવાનું કીધું. બીજા દિવસે ચેઈન લાવી રફિક રાત્રે સાડા નવ વાગે સેકટર-૫થી છેક સેકટર-૨૮ સુધી આપવા ગયો અને ત્યારથી જય-રફિકની દોસ્તી બંધાઈ હતી.

બંને શાળામાં ક્રિકેટ રમતા ઓલરાઉન્ડર હતા. જય વોલીબોલ પણ રમતો તેથી રફિકને પણ વોલીબોલમાં રસ પડયો. બંને સાથે ક્રિકેટની મેચો જીતાડવા લાગ્યા. તે સમયે ગાંધીનગરની આર્ટસ કોલેજનો ક્રિકેટમાં ડંકો હતો અને કોમર્સ કોલેજની ટીમના સ્પોર્ટસ કોચે જયારે જય-રફિકને શાળાકીય ટૂર્નામેન્ટમાં કોમર્સના ખેલાડીઓ તરીકે રમતા જોયા એટલે આર્ટસ કોલેજને આગોતરી ચેલેન્જ કરી દીધી હતી કે 'આ બે છોકરાને મારી કોલેજમાં આવી જવા દો, પછી તમને જીતવા દઉં તો કેજો.' બંને કોલેજમાં આવ્યા પછી ઈન્ટર કોલેજ ક્રિકેટ સ્પર્ધામાં આર્ટસ-કોમર્સની ટીમો સામ સામે ટકરાઈ. જે જીતે તેણે આદિપુર ખાતે રાજયકક્ષાએ રમવા જવાનું હતું. આર્ટસની ટીમને એટલો બધો આત્મવિશ્વાસ હતો કે તેમણે ટ્રેનનું બુકિંગ પણ કરાવી દીધું હતું. પરંતુ જય-રફિકના ઓલરાઉન્ડ પ્રદર્શને તેમના સપના ચકનાચુર કરી નાંખ્યા. જય-રફિકની જોડી આખા શહેરમાં પ્રખ્યાત થવા લાગી હતી. બંનેસાથે દર શુક્રવારે છેલ્લા શૉ માં અચુક ફિલ્મ જોવા જતા. બંનેને શોધવા હોયતો ઘ-૫ સર્કલે તેમની નિયત બેઠક હતી ત્યાં જ મળી જાય. બંનેની જોડી વિવિધ ઉપનામો જેવી કે જય-રફિકની સુઝુકી, ખાપરો-ઝવેરી, મિયાં-મહાદેવ, રંગા-બિલ્લા વગેરેથી જાણીતી હતી પરંતુ જયના માતા તો બંનેને સેજી-વેજીની જોડી તરીકે જ બોલાવતા હતા.

કોલેજ દરમિયાન જય પંડયાએ વચ્ચે સિવિલ ડ્રાફટસમેનનો પણ કોર્સ કરેલો હોવાથી બંનેએ 'વૉલ પેપર'નો બિઝનેસ શરુ કર્યો અને તે માટે બંનેના ઘરેથી પાંચ પાંચ હજાર મૂડી લાવ્યા જેમાંથી ૭ હજાર સપ્લાયરને ડિપોઝીટ માટે આપ્યા અને બાકીના પૈસાથી ઓફિસના અન્ય ખર્ચા કર્યા. તે વખતે વૉલ પેપરના કેટલોગ એટલા મોંઘા હતા કે તેને ગ્રાહકને બતાવવા લાવવા સપ્લાયર પાસે અલગ ડિપોઝિટ આપવી પડતી પરંતુ આ બંને પાસે તેના પૈસા કયાં હતા. છેવટે અમદાવાદ સપ્લાયરને ત્યાં જઈ રફિકને પ્લાયરની દુકાને ડિપોઝિટ તરીકે બેસાડી જય કેટલોગ લઈ ગાંધીનગર આવતો અને કસ્ટમરને બતાવી ઓર્ડર ફાઈનલ કરી પાછો જઈ રફિકને છોડાવતો હતો. આમ બંનેનો ધંધો ચાલવા લાગ્યો. સ્વભાવે જય થોડો ઉગ્ર પરંતુ રફિક એકદમ શાંત બંને તહેવારો સાથે ઉજવતા. ઈદ હોય ત્યારે રફિક શિર-ખુરમા લઈ જયના ઘરે પહોંચી જાય જયારે દિવાળી કે અન્ય તહેવારે મિઠાઈ-ફરસાણ લઈ જય તેના ઘરે પહોંચી જતો. બંને એકબીજા માટે છોકરી જોવા પણ હંમેશા સાથે જ જતા. જો કે યોગાનુયોગ કેવો કે બંનેના જીવનસાથીની પસંદગી એકબીજાની ગેરહાજરીમાં જ થઈ હતી. બંનેના પત્નિઓ વચ્ચે પણ ગાઢ મિત્રતા બંધાઈ ગઈ પછી બંને પરિવારો એકબીજાના ધાર્મિક સ્થળોએ જવાનું હોય કે ફરવા હંમેશા સાથે જ જતા. તે પછી સરખેજ રોઝા કે ભડિયાદ હોય કે પછી અંબાજી કે ચોટીલા હોય. રફિકનો દિકરો છ માસનો થયો ત્યારે તેને પહેલીવાર પાણી 'ગબ્બર' ઉપર જ પીવડાવવામાં આવ્યું હતું. તેના દિકરાની ખત્ના કરવા સમયે રફિક બહારગામ હોવાથી જય જ લઈને ગયો હતો. જયના દાદા ધંધુકા પાસેના ગલસાણાની દરગાહે હંમેશા ધજા ચઢાવતા. તેમના અવસાન પછી જય-રફિક સાથે જઈને ધજા ચઢાવવા લાગ્યા.

વર્ષ ૨૦૦૫માં જયને તમાકુના કારણે જડબાનું કેન્સર થયું અને ઓપરેશન કરવું પડયું. ઓપરેશન પછી આશરે આઠ માસ સુધી જયને અમદાવાદ દવાખાને રેડિએશન અપાવવા લઈ જવા કે લાવવાથી માંડીને તેના સંતાનોને સ્કૂલે મૂકવા લેવા સહિતની તમામ જવાબદારી અને સાથે ધંધો પણ રફિકે જ સંભાળી લીધો હતો. તે વખતે રફિક જય માટે અમદાવાદથી ભાવતા ફ્રુટ જયુસ પણ લાવી જાતે તેના હાથે પીવડાવતો. તેજ રીતે રફિકને એક વાર છાતીમાં શૂળ ઉપડતા ચારેક માસ ફરજિયાત ઘરે આરામ કરવો પડયો હતો ત્યારે તેની તમામ જવાબદારી જયે ઉપાડી લીધી હતી. આ બિમારી પછી રફિકને સીડી ચડવાથી તકલીફ થવા લાગી એટલે ઉંચાઈ પર ચઢવાના કામ હવે જય જ સંભાળી લે છે. જયના પત્નિ સીતાબેન અને રફિકના પત્નિ રઝિયાનાબાનુ બંને વચ્ચે સગી બહેનો કરતા વધુ પ્રેમ બંધાયો છે. સીતાભાભીને એકવાર શરીરમાં થયેલી ગાંઠ ફાટી જતા જય બહારગામ હોવાથી રફિકે દવાખાને લઈ જઈ ડૉકટરની સલાહ મુજબ તાત્કાલિક ઓપરશન પણ કરાવી દીધું હતું. જો થોડો સમય મોડું કર્યું હોત તો સીતાભાભીના જીવને જોખમ હતું તેની જયને આવ્યા પછી જાણ થઈ હતી. રફિકના પિતાનું અવસાન થયું ત્યારે તે બહારગામ હતો તો જયે તે આવે ત્યાં સુધીમાં તમામ વ્યવસ્થા સંભાળી લીધી હતી. આવા તો તેમની દોસ્તીના અસંખ્ય પ્રસંગો છે.

આજે જય-રફિકની જોડી ગાંધીનગરમાં પ્લાસ્ટર ઓફ પેરિસની સિલીંગ બનાવવાનું મોટું કામ કરે છે પરંતુ આજે પણ બંને એક જ કપમાંથી ભાગ પાડીને જ ચા પીવે છે. રફિકને ડ્રાઈવીંગ ફાવતું નથી એટલે લોકલકામ તે સંભાળે છે જયારે બહારગામના કામ જય સંભાળી લે છે. જયને ફોન પર કોઈ પુછે, 'કયા જયભાઈ? તો તેમનો એક જ જવાબ હોય જય-રફિકવાળા' આજે પણ બંને નવરા પડે તો તેમની બેઠક ઘ-૫ સર્કલે જ હોય અને તહેવાર અંગે વાત કરો તો કહે છે 'અમે બંને અહીં સાથે હોઈએ તે જ અમારા માટે તહેવાર છે.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com





### વાતવાતમાં

● ગાંધીનગરમાં વરસાદના વિરામને બે દિવસ થયા છતાં હજુ પણ અનેક સેક્ટરોમાં ઘણી બધી સ્ટ્રીટલાઈટો બંધ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સત્વરે આ સ્ટ્રીટલાઈટોનું રીપેરીંગ કામ હાથ ધરાઈ ચાલુ કરાય તો વરસાદી માહોલમાં રાત્રિના સમયે પાણીના ખાબોચિયાં કે ઝેરી સરિસૃપો વગેરેથી વસાહતીઓ બચી શકે તેવી માંગ ઉઠવા પામી છે.

● શહેરમાં વરસાદી પાણીનો ભરાવાનો પ્રશ્ન દરેક સેક્ટરમાં જોવા મળી રહ્યો છે. જેના કારણે રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ વધી ગયો છે. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં તાવ-શરદી-ખાંસી સહિતના મૌસમી બિમારીઓના દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે.

● ગાંધીનગરના ઘ-૩ પથિકાશ્રમ સર્કલે સાંજના સુમારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો તેમના કાળીટોપી, સફેદ શર્ટ અને ખાખી ચડ્ડી સાથેના પરંપરાગત પોશાકમાં પૂરગ્રસ્તોના રાહતકાર્ય માટે ફાળો ઉઘરાવતા નજરે ચઢ્યાં હતા.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા કેશાજી વરવાજી, ઉ.વ. ૯૦
- સ્વ. પંડયા જીતેન્દ્રપ્રસાદ મુળશંકર, ઉ.વ. ૪૦
- સ્વ. જશોદાબેન વિહાજી ઠાકોર, ઉ.વ. ૫૦